## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ચાલ હવે તું ખુદને મળ
મ્હોરામાંથી બહાર નીકળ !
સાવ નકામા કળ,બળ,છળ,
જેવાં કર્મો તેવાં ફળ !
જીવનમાં તો અગણિત ભવ
મૃત્યુની બસ,એક જ પળ !
પસ્તાવાથી પાવન થા-
અશ્રુ પણ છે ગંગાજળ !

- અમર પાલનપુરી

### પાથેય

- રમેશ ઠક્કર

## અશ્રુ એટલે ગંગાજળ...

આયખામાં અનેક લોકોને મળતો માણસ એકાદવાર જો પોતાને જ મળવાનો ઉપક્રમ રાખે તો એક નવી આબોહવા પામતો હોય છે..પોતાનામાં જ રમમાણ રહેતા માણસને ટપારવાનું કામ કોઈ સંત અથવા તો કવિ જ કરીએ શકે... આપણે જીવીએ છીએ કે અભિનય કરીએ છીએ એની જ આપણને ખબર પડતી નથી... આપણો મુળ સ્વભાવ શું છે ? આપણી તલાશ શું છે ? એની દરકાર આપણને હોતી નથી... માણસ એટલે એક અજાયબ કોચલું..એક મલકતું મ્હોરૂં... આપણે મોટાભાગે એમાંથી બહાર નીકળતા હોતા નથી..આપણી મનગમતી દુનિયા એટલે આપણે જ નક્કી કરેલા જગતમાં જીવવું... કોઈક ડાહ્યો માણસ આપણને ટપારે ત્યારે જ ખબર પડતી હોય છે કે મ્હોરા બહારનો માહોલ જ સાચો અનુભવ હોય છે.

કહેવાય છે કે જેવી કરણી એવી ભરણી..જીવતેજીવ ગામ આખાની કારણવગર પટલાઈ કરતો માણસ કેટલાકને અડફેટે લેતો રહે છે... અમુક માણસો જન્મજાત રીતે પરપીડન કરતા રહે છે... કોઈકે સરસ લખ્યું છે..'માણસ પાપ કરવા પ્રેરાય ત્યારે એની વિવેકદ્રષ્ટિ નષ્ટ થઈ જાય છે. સ્વાર્થ પાપનો પાલક પિતા છે. માણસ પાપનો ખરા હૃદયથી પશ્ચાતાપ કરે તો તેનું મન હળવું થઈ જાય છે અને માનસિક શાન્તિ અનુભવે છે. છૂપાઈને કરેલું પાપ માણસને જીવનભર ચૂભે છે. સંસ્કૃતના એક શ્લોકમાં કહ્યું છેક ઉચ્ચકોટિના પુણ્ય અને નિમ્નકોટિના પાપનું ફળ ત્રણ વર્ષોમા, ત્રણ માસમાં કે ત્રણ પખવાડિયામાં માણસને મળી જાય છે.

માણસ મોહવશ પાપ કરે છે અને ઈર્ષ્યાવશ પણ યશ ખાતર પાપ કરે છે અને મોહવશ પણ માણસ ડરનો માર્યો એક પાપમાંથી બીજા પાપમાં ફસાયા કરે છે. માણસને સજ્જન બનવા કરતાં સજ્જન દેખાવામાં વધુ રસ હોય છે. એટલે તોરલે જેસલ બહારવાટીઓને કહ્યું હતું કે, ''પાપ તારું પરકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહીં દઉં''

માણસ પાપ કરે કે કરાવે બંને સરખાં જ દુષ્કૃત્યો માટે જવાબદાર ઠરે છે. કોઈ પાપ મોટું પણ નથી અને કોઈ પાપ નાનું પણ નથી. પાપનું ફળ છૂપાવનાર પોતાને માથે પાપનો ભાર લઈને ફરે છે પણ પાપ પ્રગટ કરવામાં તેને સામાજિક દ્રષ્ટિએ મોટું નુકસાન થવાનો ભય સતત સતાયા કરે છે. માણસ પુણ્યને દૂધ પીવડાવે કે ન પીવડાવે પણ પાપને તો છપ્પનભોગ ધરાવે છે.સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે તેમ પરોપકાર જ ધર્મ છે અને પરપીડન પાપ. શક્તિ અને પૌરુષ પુણ્ય છે અને કાયરતા તથા કમજોરી પાપ. સ્વતંત્રતા પુણ્ય છે અને પરાધીનતા પાપ. બીજાને પ્રેમ કરવો એ પુણ્ય છે અને બીજાનો તિરસ્કાર કરવો તે પાપ. પરમાત્મામાં વિશ્વાસ એ પુણ્ય છે અને સંદેહ એ પાપ. (સર્વમાં)

અનુસંધાન પાના નં. ૭ પર

# કેજરીવાલ પાસે રાષ્ટ્રીય નેતાની કેમિસ્ટ્રી જ નથી

**તંત્રીસ્થાનેથી...**

એવું લાગે છે કે દિલ્હીના મુખ્યમંત્રી ગુજરાત પાસેથી જરા વધુ પડતી અપેક્ષાઓ રાખવા માંડ્યા છે. એમના જમણા હાથ જેવા મનીષ સિસોદિયા વારંવાર ગુજરાતની મુલાકાતે આવતા રહે છે અને શિક્ષણક્ષેત્રે ગુજરાત સરકાર સાવ જ નિષ્ફળ ગઈ હોવાનાં ગાણાં ગાતા રહે છે. ગુજરાતના શિક્ષણમંત્રીના જ મત વિસ્તારમાં જઈને તેઓ સરકારી શાળાઓની મુલાકત લે છે અને એની સામે દિલ્હીમાં સરકારી શાળાઓ કેવી સુસજ્જ છે તથા શિક્ષણ કેટલું સર્વસુલભ અને સસ્તું છે એની વાત કરે છે. તેઓ ગુજરાતના શિક્ષણમંત્રીને પડકાર ફેકે છે જેનો જવાબ આપવાની ગુજરાત સરકારને કશી જરૂર લાગતી નથી. શિક્ષણ ક્ષેત્રે ગુજરાત પછાત છે એ સર્વવિદિત બાબત છે - પણ આજ સુધીની ચૂંટણીઓમાં કયારેય મતદાતાઓએ શિક્ષણને મુદ્દો બનાવી વોટિંગ કર્યું નથી તે પણ હકીકત છે. અહીં શિક્ષણ અને તબીબી સેવાઓનું રીતસરનું ઔદ્યોગીકરણ કરાયું છે, જેને ગુજરાત પોતાની 'પ્રગતિ' ગણે છે. વર્લ્ડ કલાસ સારવાર આપતી ખાનગી ફાઈવ સ્ટાર હોસ્પિટલો મોંઘીદાટ જરૂર છે પણ સામે કેન્દ્ર સરકારની આયુષ્યમાન યોજના પણ છે. શિક્ષણ મુદ્દે કદાચ પહેલી જ વાર કોઈ રાજકીય પાર્ટી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી લડવા તૈયાર થઈ છે, જો કે મનીષ સિસોદિયા અને અરવિંદ કેજરીવાલને એ ખબર નથી કે ગુજરાત અને ગુજરાતીઓને શિક્ષણ કરતાં ધંધા રોજગાર, ઉદ્યોગો અને વેપારવણજમાં વધારે રસ છે. કેજરીવાલ પાસે રાષ્ટ્રીય નેતાની કેમિસ્ટ્રી જ નથી. તેઓ દિલ્હીમાં ચાલી ગયા, પણ દિલ્હીવાસી મતદારોએ એમના સંસદના ઉમેદવારોને તો હરાવ્યા જ. પંજાબની પરિસ્થિતિ જુદી હતી. ત્યાં શરૂથી જ ભાજપ ગૌણ ઉપસ્થિતિ ધરાવતી પાર્ટી હતી. એ અકાલી દળની આંગળી પકડીને પંજાબમાં પ્રવેશી હતી. શીખ પ્રજામાં 'હિંદુત્વ' નો એજંડા ચાલે નહીં, એની પ્રતીતિ આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં નહીં બલકે અગાઉ કોંગ્રેસ તરફી થયેલ મતદાનમાં પણ સ્પષ્ટ વાંચી શકાય છે. એટલે 'પંજાબ વિજય' એ હિંદુત્વ કાર્ડ નહીં ચાલ્યું હોવાનું પ્રમાણ જરૂર છે, વળી કોંગ્રેસનું ગોઠવાયેલું તંત્ર નવજોત સિદ્ધુ જેવા કહેવાતા નેતાના વાનરવેડાથી કડડભૂસ થઈ જતાં પ્રજાને 'દિલ્હી મોડેલ'માં રસ પડ્યો હતો. ગુજરાતમાં દિલ્હી મોડલને સમર્થન મળવાની શક્યતા નહીંવત જ છે. ગુજરાતને એની આગવી અસ્મિતા છે. એ અસ્મિતાના પ્રતીક પુરુષ તરીકે નરેન્દ્ર મોદી દેશના સર્વોચ્ચ્ સત્તાસ્તાને પહોંચ્યા છે. ગુજરાતમાં કોંગ્રેસ હજી સમૂળગી નેસ્તનાબૂદ નથી થઈ. એટલે ગુજરાતમાં ભાજપને ટક્કર આપી શકે એવી પાર્ટી તો આજે અને ભવિષ્યમાં પણ કોંગ્રેસ જ રહેશે એમાં શંકાને સ્થાન નથી. કેજરીવાલ જરા વધારે પડતા મહત્ત્વાકાંક્ષી નેતા છે. એની પ્રતીતિ તો મોદી વિરુદ્ધ વારાણસીની બેઠક પર એમણે ઉમેદવારી કરી ત્યારે જ થઈ ગઈ હતી. એમણે ગોવા વિધાનસભામાં પણ ચંચુપાત કરવાની તક ઝડપી લીધી હતી પરંતુ નિષ્ફળતા જ સાંપડી હતી. ગુજરાતમાં માત્ર સુરત મહાનગપાલિકાની ચૂંટણીમાં થોડું કાઠું કાઢી શક્યા ખરા, પરંતુ ત્યાં પણ ગણતરીના મહિનાઓમાં આયારામ-ગયારામ શરૂ થઈ ગયું. 'આપ' પાસે સ્ટેટ લેવલની કોઈ મજબૂત નેતાગીરી નથી. ભરૂચ પંથકમાં વસાવાની પારિવારિક પાર્ટી સાથે ગઠબંધન કરીને તો 'આપ' ઊલટાનું નુકશાનમાં ઊતર્યું છે. રાજકોટમાં બહુ મોટી અપેક્ષા સાથે આવેલા કેજરીવાલને પ્રજા અને નેતાઓનો ઠંડો પ્રતિસાદ સાંપડ્યો છે. એમણે ધાર્યું હશે કે 'આપ' માં જોડાવા માટે કોંગ્રેસ-ભાજપના નારાજ આગેવાનોની લાઈન લાગશે. પાટીદાર સમાજને આકર્ષવામાં કેજરીવાલને સરિયામ નિષ્ફળતા સાંપડી છે. દિલ્હી પહોંચી જઈ એમની સાથે ફોટા પડાવનાર પાટીદાર આગેવાનો ફરક્યાં સુધ્ધાં નહીં તે સૂચક છે. બની શકે કે પાટિલે કડક સૂચના આપી દીધી હોય !

એવું કશું બન્યું નથી અને રાજકોટમાં વેપારી વર્તુળોએ પણ 'આપ'થી સલામત અંતર રાખી ભાજપ સાથેની વફાદારીનું જ પ્રદર્શન કર્યું છે. માત્ર મોરબીના સિરેમિક ઉદ્યોગપતિઓ અને એકાદ મહિલા અગ્રણી સિવાય કેજરીવાલને કોઈ મળવા સુદ્ધાં ન આવ્યું તે સૂચક છે.

# યશોધરા - સહધર્મચારિણી








**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

હજુ તો પરોઢનો પહેલો દોર જ ફૂટ્યો હતો. યશોધરા એ પડખું ફેરવ્યું. રાહુલ બાજુમાં સૂતો હતો. ગઈકાલે જ એનો જન્મ થયો હતો. પરંતુ સિદ્ધાર્થ શયનખંડમાં ન હતા. લગ્નને વરસ થયા હતા ; એમાં પહેલી જ વાર આવું થયું. નહિતર - પોતાને ગાલે મુલાયમ સ્પર્શ કરે. 'જોઉં છું' એમ કહે - પછી જાય.

સિદ્ધાર્થ પોતાના મામાના દીકરા હતા. પિતા સુપ્રબુદ્ધે તેર વરસ સિદ્ધાર્થ સોળ વરસના. સિદ્ધાર્થના હૃદયની કોમળતા, મુલાયમતા - આ બધું એને સ્પર્શી ગયેલું. તેથી જ સિદ્ધાર્થને પસંદ કર્યો હતો. અરે ! પોતાના ભાઈ દેવદત્તે રાજહંશનો શિકાર કર્યો, તે સિદ્ધાર્થે એને ઉઠાવી, છાતીએ વળગાડ્યો, દેવદત્તને સોંપવાની ના પાડી દીધી હતી. 'જે મારે એ નહિ, પણ જે પોષે એ એનો માલિક. રાજહંસને બચાવી લીધો.'

આ તેર વરસનાં સિદ્ધાર્થે એને ભરપૂર પ્રેમ આપ્યો હતો. સિદ્ધાર્થનો જન્મ થયો, ત્યારે જયોતિષીની આગાહી હતી - 'આ કાંતો રાજા થશે, અથવા સન્યાસી' સિદ્ધાર્થ યશોધરાને કહેતા - 'હું સન્યાસી થઈશ, તો તને અને આ થનાર બાળકને કેમ છોડી શકીશ?'

પણ આજે કંઈક જૂદું જ બન્યું છે. યશોધરાને યાદ આવ્યું - 'ગયે અઠવાડિયે એ નગરની બહાર નીકળ્યા હતા. ત્યાં એણએ રોગી પુરુષોને જોયો, વૃદ્ધ પુરુષને જોયો, કોઈકની સ્મશાનયાત્રા જોઈ. અને પછી એક સન્યાસીનો જોયો. બસ ! ત્યારથી એ ઉદાસ અને વ્યાકુળ રહેતા.'

એનો અંદેશો સાચો પડ્યો. છન્નહે એના ખંડમાં પ્રવેશ કર્યો. એ સિદ્ધાર્થની સાથે જ હોય. એની પાસે સિદ્ધાર્થનો કેશગુચ્છ હતો, તલવાર હતી, સોનાનો હાર હતો. યશોધરાએ ગભરાટ સાથે પૂછ્યું. 'એ જીવે તો છે ને ?' છન્નહ એનો બાળપણનો મિત્ર હતો, સેવક હતો.

પોતાના આંસુ લૂછીને છન્નહે માહિતી આપી - 'વનવિસ્તાર શરૂ થયો. એણે તલવારથી પોતાના વાળનો ગુચ્છ ઉતારી લીધો. ત્યાં એક સન્યાસી પસાર થયો. એણે પોતાનો રાજષી પોષાક આપી દીધો. એના વસ્ત્ર પોતે પહેરી લીધાં.પછી મને કહ્યું, 'હવે તે પાછો ફર. આ સોનાનો હાર અને આ કેશગુચ્છ યશોધરાને આપજે. આ તલવાર પિતા શુદ્ધોધનને આપી દીજે.'

યશોધરા ચીસ પાડીને, જમીન પર ફસડાઈ પડી. તરત એની સખી અને દાસી રોહિણી દોડી આવી. પાછળ પ્રજાપતિ આવી. સિદ્ધાર્થની માતા માયાદૈવી તો પુત્રજન્મ પછી તરત અવસાન પામી હતી. એની આ નાની બહેને એનું સ્થાન લીધું હતું. સિદ્ધાર્થને એણે ખૂબ વાત્સલ્ય આપ્યું હતું. યશોધરાને એને બાથમાં લઈ લીધી.

(આધાર સ્થાન - ધ બુદ્ધસ વાઈફ, હર સ્ટોરી એન્ડ રિડર્સ કમ્પેનિયન ; ધ પાથ ઓફ અવેકિંગ ટુગેધર - ડો. જેનેટ સૂરી, અને ડો. સેમ્યુઅલ શેમ ; એટ્રિયા બૂક્સ, ન્યૂયોર્ક. પૃ. ૨૮૩+૩૬)

### દિન મહિમા

- ફખરુદ્દીન અલી અહમદની જન્મજયંતિ, ભારતના પાંચમાં રાષ્ટ્રપતિ.
- આર. કે. નારાયણની પુણ્યતિથિ, ભારતીય નવલકથાકાર

આજનું
### ઔષધ

- પાણીમાં અજમો કે ફુદીનો નાખી ગરમ કરીને નાશ લેવાથી ગળાની ખરાશ મટે છે.

### ખડખડાટ

- થર્ડ ડિગ્રી ટોર્ચર હજી પણ બીજા નંબર પર છે. સાચી વાત બહાર લાવવા માટે... 'ખા મારા સોગંદ' આજે પણ પહેલા નંબર પર છે.

આજનો
### વોટ્સએપ

- કોઈ પણ સમસ્યાનું સમાધાન એ વાત ઉપર નિર્ભર છે કે સલાહકાર કોણ છે, કારણ કે દુર્યોધન શકુની પાસે સલાહ લેતો અને અર્જુન ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી.

# અશોકના શિલાલેખો ઉકેલવામાં સફળતા મેળવનાર પુરાતત્ત્વવિદનું નામ શું છે?



**ખજાનો**
**અનિલ પટેલ**

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૧ હોમો સેપિયન્સ કોનું વૈજ્ઞાનિક નામ છે ?

૧ પિતૃશ્રાદ્ધ તરીકે કયું સ્થળ જાણીતું છે ?
(અ) સિદ્ધપુર (બ) ચાંણોદ
(ક) વેરાવળ (ડ) જૂનાગઢ

૨ બાર જયોતિર્લિંગમાંનું એક નાગેશ્વર કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) દેવભૂમિ દ્વારકા (બ) જામનગર
(ક) જૂનાગઢ (ડ) રાજકોટ

૩ સિંધિ ભાઈઓ ઝુલેલાલનો જન્મદિવસ કયા નામે ઉજવે છે?
(અ) ગુડી પડવો (બ) પતેતી
(ક) ચેટીચાંદ (ડ) બળેવ

૪ કોટયર્ક વૈષ્ણવ તીર્થ કયાં આવેલું છે ?
(અ) તારંગા (બ) અંબાજી
(ક) પાલિતાણા (ડ) મહુડી

૫ ગુર્જર રંગભૂમિના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) રણછોડભાઈ ઉદયરામ (બ) જશવંત ઠાકર
(ક) જયશંકર સુંદરી (ડ) કેખુશરૂ કાબરાજી

૬ 'થોડાં આંસુ, થોડાં ફૂલ' કોની આત્મકથા છે?
(અ) હેમુ ગઢવી (બ) જયશંકર સુંદરી
(ક) કનુભાઈ દેસાઈ (ડ) રવિશંકર રાવળ

૭ જગત મહેતાનું નામ કયા ક્ષેત્રે ખૂબ જાણીતું છે ?
(અ) ચિત્રકલા (બ) સંગીત
(ક) ફોટોગ્રાફી (ડ) નાટ્યકલા

૮ સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ કયા સ્થળે થયો હતો ?
(અ) તળાજા (બ) જેતલપુર
(ક) વલ્લભીપુર (ડ) ટંકારા (મોરબી પાસે)

૯ અશોકના શિલાલેખો ઉકેલવામાં સફળતા મેળવનાર પુરાતત્ત્વવિદનું નામ શું છે ?
(અ) ભગવાનલાલ ઈન્દ્રજી (બ) બાલકૃષ્ણ દોશી
(ક) ફરદુનજી મર્ઝબાન (ડ) રતનજી ફરામજી

૧૦ ભારતીય સંગીતમાં નોટેશન પદ્ધતિ લાવનાર પ્રથમ સંગીતકાર કોણ હતા ?
(અ) ક્ષેમુ દિવેટિયા (બ) રાસબિહારી દેસાઈ
(ક) પ્રો. મૌલાબક્ષ (ડ) કલ્યાણજી આનંદજી

૧૧ ઈલાક્ષી ઠાકોર અને અરુણ ઠાકોરે કઈ સંસ્થાની સ્થાપના અમદાવાદમાં કરી ?
(અ) નૃત્ય ભારતી (બ) દર્પણ એકેડમી
(ક) કદમ્બ (ડ) નર્તન સ્કૂલ

૧૨ સુલેમાન પટેલ કયા ક્ષેત્ર માટે ખુબ જાણીતા હતા ?
(અ) ચિત્રકલા (બ) નૃત્યકલા
(ક) નાટ્યકલા (ડ) તસ્વીર કલા

૧૩ નીચેનામાંથી કયા મહાનુભાવ ફોટો જર્નાલીઝમ માટે જાણીતા છે ?
(અ) ઝવેરીલાલ મહેતા (બ) બંસી વર્મા (ચકોર)
(ક) સોમલાલ શાહ (ડ) જગન પટેલ

૧૪ તલગાજરડા કયા મહાનુભાવનું જન્મ સ્થળ છે ?
(અ) ડોંગરેજી મહરાજ (બ) પૂજ્ય મોટા
(ક) મોરારી બાપુ (ડ) રવિશંકર મહારાજ

૧૫ નર્મદાને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(અ) રેવા (બ) રેવતી
(ક) રણગંગા (ડ) રુજુ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૩ મે :
- નોબલ પારિતોષિક વિજેતા અંગે મેલેરિયા મચ્છર કરડવાથી થાય તેવી શોધ કરનાર સર સેવાલ્ડ રૉશનો જનમદિવસ (૧૮૫૭)
- અમેરિકાએ મેક્સિકો સામે યુદ્ધની ઘોષણા કરી (૧૮૪૬)
- બ્રટીશ પ્રાઈમ મિનિસ્ટર વિસ્ટન ચર્ચીલે પ્રથમવાર હાઉસ ઓફ કોમસને સંબોધન કર્યું (૧૯૪૦)
- એસ. રાધાકૃષ્ણન ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા (૧૯૬૨)
- ૧૪ મે :
- ફૅસબુકના સર્જક માર્ક ઝુકરબર્કનો જન્મદિવસ (૧૯૮૪)
- અમેરિકાનું પ્રથમ સ્પેશ સ્ટેશન સ્કાયલેબ લોંચ કરાયું (૧૯૭૩)
- નોર્થ અમેરિકાના વર્જીનીયાના જેમ્સટાઉન ખાતે બ્રિટીશ લોકો વસવાટ શરૂ કર્યો (૧૬૦૭)
- એડવર્ડ જેનરે શિતળાની રસી શોધી તેની જાહેરાત કરાઈ (૧૭૯૬)
- ૧૫ મે :
- બરફના વાઘ તરીકે જાણીતા પદ્મવિભૂષણથી સન્માનિત સૌપ્રથમ એવરેસ્ટ સર કરનાર તેનસિંહ મોર્કેનો જન્મદિવસ (૧૯૧૪)
- ફ્રાન્સના મહિલા નેતા એડીથ કેરસોન પ્રાઈમ મિનિસ્ટર બન્યા (૧૯૯૧)
- અમેરિકાના સેક્રેટરી મેડલીન એલ્બેરાઈટનો જન્મદિવસ (૧૯૩૨)
- ફિલ્મ અભિનેત્રી માધુરી દિક્ષીતનો જન્મદિવસ (૧૯૬૮)
- ૧૬ મે : રાષ્ટ્રીય ગૌરવ દિન
- અમેરિકન ફિલ્મ અભિનેતા હેન્રી ફોન્ડાનો જનમદિવસ (૧૯૦૫)
- ચીમાં જન્મેલા અમેરિકન આર્કીટેક આઈ.એમ. પેઈનું ૧૦૨ વર્ષની વયે અવસાન થયું (૨૦૧૯)
- નિકોલસ સારકોઝી ફ્રાન્સના પ્રેસિડેન્ડ નિયુક્ત થયા (૨૦૦૭)
- તાબેજ ઝુનકો માઉન્ટ એવરેસ્ટ પર ચડનાર પ્રથમ મહિલા બન્યા (૧૯૭૫)
- ૧૭ મે : (વિશ્વ દૂર સંચાર દિવસ)
- ઈંગ્લીશ વૈજ્ઞાનિક અને સર્જક એડવર્ડ જેનરનો જન્મદિવસ (૧૭૪૯)
- પ્રિન્સટોન અને કોલંબીયા વચ્ચેની બેઝબોલ રમતનું પ્રસારણ પ્રથમવાર અમેરીકન ટેલિવિઝન પર થયું (૧૯૩૯)
- મશહુર ઈટાલીયન ચિત્રકાર એન્ડ્રી બોરીસેલીનું અળસાન (૧૫૧૦)
- સાહિત્યકાર બાળાશંકર કંથારિયાનો જન્મદિવસ (૧૮૫૮)
- ૧૯ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ
- જહોન પોપ-૨નો જન્મદિવસ (૧૯૨૦)
- અમેરિકન ટેલિવિઝન પ્રોડ્યુસર રોજર એલીસનું અવસાન (૨૦૧૯)
- ગઝલકાર આદિલ મનસુરીનો જન્મદિવસ (૧૯૩૬)
- ભારતે ન્યુક્લિઅર પરીક્ષણ કર્યું (૧૯૭૪)
- ૨૦ મે :
- અમેરિકાના મશહુર સર્કસ બર્નસ એન્ડ બેઈલી સર્કસની શરૂઆત રીલીંગ બધર્સે શરૂ કર્યુ. (૧૮૮૪)
- અમેરિકન મુસ્લિમ લીડર મેલ્કોમ એક્ષનો જન્મદિવસ (૧૭૨૫)
- ઈન્ડોનેશિયા કમ્યુનિસ્ટ પાર્ટીના સ્થાપક ફો.ચી.મિન્ચનો જન્મદિવસ (૧૮૯૦)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ઉદ્ધવ ઠાકરેના બંગલા બહાર 'હનુમાન ચાલીસા' વાંચવા બદલ જેમની ધરપકડ થઈ છે તે પૂર્વ અભિનેત્રી અને સાંસદ નવનીત કૌર રાણા કયાં સંસદીય ક્ષેત્રના સાંસદ છે ?

જવાબ : અમરાવતી (મહારાષ્ટ્ર)

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) શિવાંગ બી પટેલ : સરગાસણ (૬) ભાવેશ એલ ખત્રી : સે-૨૩ (૭) જીતેન્દ્ર ધરવાડિયા : સે-૩૦ (૮) નટુભાઈ દરજી : પેથાપુર (૯) મીત પી. પટેલ : સરગાસણ (૧૦) રૂચિત એ પટેલ : રાંદેસણ (૧૧) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

ગુજરાતના કયા આદિવાસી નેતાએ ભારતીય ટ્રાઈબલ પાર્ટીની રચના કરી છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સુખી થવાની ચાવી : સૂતા રહો, કાં પાગલ બનો કે 'ભ્રમ' કે 'બ્રહ્મ'લીન થાવ





**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

ઉનાળો તો આમે ય આકરો - વાત વાતમાં તપી જતા - ગુસ્સાથી ફાટી પડતા માણસ જેવો આકરો - હોય છે. એમાં ય આકરા ઉનાળામાં, ૪૬-૪૮ ડીગ્રી સુધી તપી જઈનએ આપણને 'ઓવન' માં શેકાતા બ્રેડ કે કૂકરમાં બફાતા બટાકાની માફક શેકી ને બાફી નાખતા એના આકરા દિવસોથી તો ભાઈ તોબા તોબા. એથી જ તો.

બધા આજકાલના સુપર સમર ને ભાંડતા હોય છે ! પરિસ્થિતિ એવી હોય છે કે ઘરમાં રહેવાય નહીં, કપડાં ખમાય નહીં પણ પાછા વિવેક મર્યાદા તો ચૂકાય નહીં !! ઘરમાં પંખા, કૂલર, એ.સી. થકી ઠંકડ કરીને રહી શકાય - રહીએ છીએ પણ ઈલેકટ્રિકનાં બીલો એવાં ઠંડા- ઠંડા... કૂલ.. કૂલ નહીં, વીજળીનાં કરંટ જેવાં 'શૉક' આપનારાં આવે એટલે દાઝ્યા પર ડામ જેવું કે 'ઉલમાંથી ચૂલમાં' પડ્યા જેવો ઘાટ થઈને રહે છે...

લેકિન જાયે તો જાયે કહાં ? અને સાહેબ જેમને આવી સવલત પરવડે છે એ ઘરમાં કૃત્રિમ ઠંડક સર્જી, કુદરતી ગરમીમાં રાહત પામી શકે. બાકી, જેને આ બધું પોષાઈ શકે એવું ના હોય અને જેમને બળબળતા બપોરે ય પાપી પેટ માટે ખુલ્લામાં નીકળવાની ને રોડ, રેલવે - મેટ્રો કે બિલ્ડિંગ કન્સ્ટ્રકશનમાં મજૂરી કરવાની મજબૂરીવાળા જીવોનું શું ? આ વિચારતાં આપણને પરસેવો છૂટી આવે છે !!

આવાં બધાં કારણ સબબ જ ઉનાળો સૌને અપ્રિય હોય છે... અમનેય ઉનાળાના દિવસો નથી ગમતા. હા, દિવસ ઢળે - મોડેથી ઠંડી થથી એની રાતો ગમે છે કેમ કે ખુલ્લા આકાશ નીચે, બહાર કે અગાસીમાં, ઠંડા પવનમાં ઊંઘવાની મજા માણવાનું અમને પસંદ છે. અને આવી રીતે કુદરતી ઠંડકના વાતાવરણમાં સૂવાની મોજ તો જે માણતા હશે તેને જ સમજાય. બંધ બારી - બારણે, એ.સી. કૂલર - નિર્મિત કૃત્રિક ઠંડકમાં સૂનારાઓએ ઉનાળાની રાત્રિનો આ આનંદ અનુભવવા જેવો ખરો.

ઊંઘવાની વાત નીકળી છે ત્યારે અમારું માનવું છે કે વ્યક્તિ સૌથી સુખી એની નિદ્રાવસ્થામાં જ હોય છે, કેમકે ગાઢ ઊંઘમાં ડીપ સ્લીપમાં હોય ત્યારે એટલા સમય પૂરતી દુનિયાની કોઈ પરવા - ફિકર સતાવે છે, ના સંસારની કોઈ સમસ્યા. એ આ બધાંથી મુક્ત રહી ચેનથી સૂતી હોય છે... આ માણસની સુખની શ્રેષ્ઠ અવસ્થા કહેવાય કે નહીં ? ઊંઘતી વ્યક્તિ એક પ્રકાર સમાધિમાં સરી પડેલી હોય છે. સમાધિ લાગેલી હોય ત્યાં સુધી એ બધાથી પર - ઉપર હોવાની. સમાધિ છૂટ્યા પછી - ઊંઘમાંથી જાગી ગયા પછી એને પાછી એ જ બધી પળોજણો - પ્રશ્નો ઘેરી વળે છે અને વ્યક્તિની માનસિક શાંતિ - સુખ ચેન છીનવાઈ જતાં હોય છે. અમારી આ વાતને સાચી ઠેરવતું એક નાટકનું ટાઈટલ યાદ આવ છે : 'સૂએ તો સમાધિ, ઊઠે તો ઉપાધિ.'

એમ તો નિદ્રાધીન વ્યક્તિની માફક પાગલ - ગાંડા - મગજ મેડને પણ સૌથી સુખી ગણી શકાય. ઊંઘતા માણસ જેવી જ નિરાંતથી પાગલો ય જીવતા હોય છે ને !

આપણી ધૂનમાં મગન, પાગલપનમાં મસ્ત એમને દુનિયાની કોઈ જળોજથા કયાં સ્પર્શતી હોય છે ? એની એમને કોઈ તમા - પરવા જ નથી હોતી. એટલે એ રીતે શાણી વ્યક્તિ કરતાં પાગલ - ડાહ્યા કરતાં ગાંડા વધુ સુખી કહેવાય.

સદા 'ભ્રમ'માં જીવનારા પણ સૌથી સુધી હોઈ શકે. હકીકતો - વાસ્તવિકતાથી વેગળા, ભ્રમ વચ્ચે - પોતાને ગમતી બાબતો વિશે ભ્રમ ઊભા કરીને એ ભ્રમ - ભ્રાંતિઓ રચેલી માયાજાળની ઓથે જીવતી - રહેતી વ્યક્તિ કોઈયે શું કર્યું, કોઈએ શું કહ્યુંની ચિંતાથી મુક્ત - અલિપ્ત રહે છે. પોતે જ સાચા, હું જ અવલ્લ, હું જે કહું - કરું તે જ બરાબર એવો ભ્રમ પોષી એ દુનિયામાં જ રાચનારા માણસોને નિરાંત હોય. આવા લોકોને આપણા સમાજ-દેશના સૌથી મોટા રોગ 'કયા કહેંગે લોક?' નથી ચડતો, નથી અડતો - પરિણામે એ સુખી રહે છે.

પરંતુ આખી વાતનો સાર એ છે કે સદા સુખી રહેવા, નિરાંત - ચેનથી જીવવા કાં હરદમ હુતા (સૂતા) રહો, કાં પાગલ થઈ જાવ મતલબ જેટલું સૂઈએ તેટલું ગાઢ સૂઈએ, યા તો એટલે કે કોઈ ધૂન - કોઈ લગન - કોઈ શોખ - પ્રવૃત્તિમાં પાગલપનની હદ સુધી રત થઈ જાવ કે બીજું કશું યાદ ના આવે, ના સતાવે....

ભ્રમ - ભ્રમણા કહેતાં 'ઈલ્યુઝન'માં જીવતાં શીખી લો, અર્થાત્ - 'ભ્રમલીન' બનો.... છેવટે 'બ્રહ્મ' સાથે એકાકાર થઈ શકવાની સ્થિતિએ પહોંચી જાવ... કેમ કે 'બ્રહ્મલીન' થઈ જનારા તો સુખની ચરમસીમાએ હોય છે એમાં નો ડાઉટ એટ ઓલ...'